મુદ્દા નં.૦૭ :– જાહેર જનતા સાથે પરામર્શ અંગેની વ્યવસ્થા :–

જાહેર જનતા સાથે પરામર્શ કરવાની વ્યવસ્થા અર્થે વોર્ડ સમિતિની રચના કરેલ છે. આ સમિતિ દર માસની સભામાં આરોગ્ય તથા ટેકનીકલ વિભાગનાં ઈજનેરો સાથે પરામર્શ કરી સુચનો તથા નીતિ અમલવારી અર્થે અગત્યના મુદ્દાઓ રજુ કરે છે. જે અંગે યોગ્ય પ્રક્રિયા અનુસરી નિર્ણયો કરવામાં આવે છે.

કલમ–૪ (૧) (ખ) (૭) સંસ્થાની ફરજો અદા કરવા માટે નીતિ વિષયક નિર્ણયો અને નીતિનિયમો નકકી કરનાર સત્તાધીશો તથા તેનું અમલીકરણ કરનાર અધિકારીઓની વિગતો સુરત મહાનગરપાલિકાનો સમગ્ર વહીવટ ઉપર જણાવ્યા મુજબ મુખ્યત્વે સને ૧૯૪૯ નાં મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાઓના અધિનિયમની જોગવાઈઓ અુનસાર કરવામાં આવે છે. સદરહુ અધિનિયમમાં જણાવ્યા અનુસાર મુખ્યત્વે ૧૨ ચૂંટાયેલા સભ્યોની બનેલી સ્થાયી સમિતિ ધ્વારા નીતિ વિષયક નિર્ણય લેવામાં આવે છે અને તે મુજબ તેનું કમિશનરશ્રી અને તેના તાબા હેઠળનાં અધિકારીઓ ધ્વારા તેનું અમલીકરણ કરવામાં આવે છે. આ બાબતે વધુ વિગતોની જાણકારી માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપલબ્ધ છે જે અવલોકનમાં લેવા વિનંતી.